1) HDFC નું પૂર્ણરૂપ શું છે ?

(A) હાઉસીંગ ડેવલપમેન્ટ ફિસ્કલ કોર્પોરેશન

(B) હાઉસીંગ એન્ડ ડેવલપીંગ ફાઈનાન્શીયલ કોન્ગ્લોમીરેટ્સ

(C) હાઉસીંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન

(D) હાઉસીંગ ડેવલપમેન્ટ ફોર સીટીઝન્સ

2) ક્યા રાજ્યમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ હાલમાં કેમ્પસ આરંભ કર્યો ?

(A) મેઘાલય (B) આસામ

(C) અરૂણાચલ પ્રદેશ (D) ત્રિપુરા

3) નિમ્નમાંથી કયો દેશ ક્વોડ્રિલેટરલ સેક્યુરિટી ડાયલોગનો સદસ્ય નથી ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ફ્રાન્સ

(C) જાપાન (D) ભારત

4) નિમ્ન ક્યા દેશોમાંથી કર્કવૃત પસાર થાય છે ?

1. બાંગ્લાદેશ
2. દક્ષિણ આફ્રિકા
3. આર્જેન્ટિના
4. બ્રાઝીલ

(A) માત્ર 1 (B) 1, 2 અને 4

(C) 2 અને 4 (D) 1, 2, 3 અને 4

5) સરદાર વલ્લભભાઈ પટેલ નેશ્નલ પોલીસ એકેડમી ક્યા શહેરમાં સ્થિત છે ?

(A) હૈદ્રાબાદ (B) ભોપાલ

(C) માઉન્ટ આબુ (D) કોલકાતા

6) IIM અમદાવાદ બાબત નિમ્નમાંથી ક્યા વિધાનો સાચાં છે?

1. તેની 1961 માં સ્થાપના થઈ હતી.
2. તેના પ્રથમ ડાયરેક્ટર વિક્રમ સારાભાઈ હતા.
3. તેના વર્તમાન ડાયરેક્ટર ઈરોલ ડીસોઝા છે.
4. 1996 માં તે રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર થઈ.

(A) 1 અને 3 (B) 2 અને 3

(C) 1, 2 અને 3 (D) 2 અને 4



PariksaPath · pariksapath.in

7) ગુજરાત પોલીસનો VISHWAS પ્રોજેક્ટ શું છે ?

(A) મહિલા અને બાળ સુરક્ષા કાર્યક્રમ
(B) 25 નવા પોલીસ સ્ટેશનનો આરંભ
(C) પોલીસ દળમાં 33% મહિલાની ભરતી
(D) CCTV કેમેરા દ્વારા મોનીટરીંગ

8) નિમ્નમાંથી 'Statue of Unity' વિશે ક્યાં વિધાનો સાચાં છે ?

1. તે વડોદરા શહેરની ઉત્તરમાં સ્થિત છે.
2. તેનું ડિઝાઈન રામ વી. સુતાર એ તૈયાર કરેલું.
3. તેનું અનાવરણ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિએ કરવામાં આવેલું.
4. તેની ઊંચાઈ 182 મીટર છે.

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 2 અને 4
(D) 3 અને 4

9) કયા અધિકારીના સરકારી વાહન પર 4 સિતારા હોય છે ?

(A) ડાયરેક્ટર, સીબીઆઈ
(B) ડાયરેક્ટર, એનઆઈએ
(C) ડાયરેક્ટર, આઈબી
(D) ડાયરેક્ટર, બીપીઆર એન્ડ ડી

10) ક્રિકેટરનાં નામને જે ટીમ વિરૂદ્ધ તેમણે પ્રથમ ટેસ્ટ રમ્યા હોય તેની સાથે જોડો.

| | | | |
|---|---|---|---|
| 1. | વિરાટ કોહલી | a. | દક્ષિણ આફ્રિકા |
| 2. | જસપ્રિત બુમરાહ | b. | પાકિસ્તાન |
| 3. | એમ. એસ. ધોની | c. | વેસ્ટ ઈન્ડિસ |
| 4. | સચિન તેંડુલકર | d. | શ્રીલંકા |

(A) 1c, 2a, 3d, 4b
(B) 1c, 2a, 3b, 4d
(C) 1b, 2c, 3d, 4b
(D) 1c, 2d, 3a, 4b

11) કમ્પ્યુટરમાં 2 પ્રકારની મુખ્ય મેમરી કઈ છે ?

(A) CDs અને DVDs
(B) પ્રાયમરી અને સેકન્ડરી
(C) RAM અને ROM
(D) ડાયરેક્ટ અને સિક્વેન્શીયલ

12) RAM એટલે :

(A) રેન્ડમ ઓરીજીનલ મેમરી
(B) રીડ ઓન્લી મેમરી
(C) રેન્ડમ ઓન્લી મેમરી
(D) રેન્ડમ એક્સસ મેમરી



15300321
ParikaPath · pariksapath.in

13) 1 બાઈટ = એટલે?

(A) 8 બિટ
(B) 2 બિટ
(C) 4 બિટ
(D) 9 બિટ

14) UNIVAC એટલે શું?

(A) યુનિવર્સલ ઓટોમેટીક કમ્પ્યુટર
(B) યુનીક ઓટોમેટીક કમ્પ્યૂટર
(C) યુનિવર્સલ એરે કમ્પ્યુટર
(D) અનવેલ્યુડ ઓટોમેટીક કમ્પ્યૂટર

15) એક મશીન થી બીજાને ફાઈલ ટ્રાન્સફર કરવા માટે નિમ્નમાંથી ક્યા TCP/IP પ્રોટોકોલનો ઉપયોગ થાય છે ?

(A) FTP
(B) SNMP
(C) SMTP
(D) RPE

16) સુનિતા વિલિયમ્સ ક્યા અવકાશ યાનમાં સફળ અવકાશ યાત્રા કરી હતી?

(A) ચેલેન્જર
(B) ડીસકવરી
(C) એટલાન્ટીસ
(D) કોલમ્બસ

17) ભારતમાં વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે બનનાર પ્રથમ મહિલા કોણ હતાં?

(A) લીલા મુખરજી
(B) ફાતિમા બીબી
(C) લીલા શેઠ
(D) રુમા પાલ

18) એક નોટીકલ માઈલ એટલે ______ મીટર

(A) 1852
(B) 1575
(C) 2000
(D) 2050

19) માલિમથ સમિતિ શાના સંબંધિત હતી?

(A) ન્યાયમાં વિલંબ નિવારવા અંગે
(B) શેર બજારમાં સુધારા અંગે
(C) ફોજદારી ન્યાય પ્રણાલિ અંગે
(D) ઈ-માર્કેટીંગમાં સુધારા અંગે

153032



PariksaPath · pariksapath.in

20) ગુજરાત રાજ્યમાં કેટલા કોસ્ટલ પોલીસ સ્ટેશન કાર્યરત છે?

(A) 10 (B) 12

(C) 14 (D) ઉપરમાંથી એક પણ નહિ

21) જો GARIMA = 725432 અને TINA = 6482 તો MARTINA = ______

(A) 3265842 (B) 3256482

(C) 3645862 (D) 3658426

22) ભારતીય પોલીસ સેવાના અધિકારીની નિવૃત્તિ વય કેટલી હોય છે?

(A) 58 વર્ષ (B) 60 વર્ષ

(C) 62 વર્ષ (D) ઉપરમાંથી એક પણ નહિ

23) રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં કરવામાં આવ્યુ?

(A) 1947 (B) 1965

(C) 1949 (D) 1969

24) શીલા 2 મિનિટમાં 90 મીટર ચાલે છે તો 225 મીટર ચાલવામાં કેટલી મિનિટ લાગશે?

(A) 3.5 (B) 5

(C) 4.5 (D) 7

25) ગારો આદિજાતિ કયા રાજ્યમાં વસે છે?

(A) સિક્કિમ (B) ઓરીસ્સા

(C) મેઘાલય (D) છત્તિસગઢ

26) ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021 બાબતે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. આ બીજી ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ હતી.
2. આ રમતોનો અધિકૃત લોગો અને માસ્કોટ વીરા છે.
3. આ રમતોનું આયોજન ગાંધીનગર, ગુજરાતમાં કરવામાં આવેલું હતું.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3



PariksaPath · pariksapath.in

27) ICC મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વિશ્વ કપ બાબતે નિમ્નમાંથી કયા વિધાન/વિધાનો સાચુ/સાચાં છે ?

1. બારમો મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વિશ્વ કપ ન્યુઝલેન્ડમાં રમાયો હતો.
2. છેલ્લે રમાએલ આ વિશ્વકપમાં ઓસ્ટ્રેલિયા ભારતને પરાજીત કરી વિશ્વ કપ ફાઈનલ મેચ જીત્યુ હતું.
3. છેલ્લે રમાએલ આ વિશ્વકપમાં ઓસ્ટ્રેલિયાએ સતત ત્રીજી વખત કપ મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વિશ્વ કપ જીત્યો હતો.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

28) ગુજરાતમાં મિશન સ્કુલ ઓફ એક્સેલન્સને 7500 કરોડ લોન ફંડ આપવા માટે કઈ બે સંસ્થાઓ ઈચ્છુક છે ?

(A) વિશ્વ બૈંક અને એશિયન ડેવલપમેન્ટ બૈંક
(B) IMF અને એશિયન ડેવલપમેન્ટ બૈંક
(C) IMF અને યુરોપિયન બૈંક
(D) વિશ્વ બૈંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બૈંક

29) વિશ્વ આરોગ્ય દિવસ પ્રતિ વર્ષ 7મી એપ્રિલે મનાવવામાં આવે છે, વર્ષ 2022ની થીમ ________ છે.

(A) આપણો ગ્રહ, આપણું આરોગ્ય
(B) આપણું આરોગ્ય આપણા હાથમાં છે.
(C) આપણો ગ્રહ, આપણું આરોગ્ય, આપણી સંભાળ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

30) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, અત્યારે વિશ્વની ________ ટકા વસ્તી શ્વાસમાં પ્રદૂષિત હવા લઈ રહી છે.

(A) 69%
(B) 99%
(C) 76%
(D) 82%

31) નાગ મિસાઈલ વિશે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. હેલિકોપ્ટર આધારિત એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલ નાગ ને હેલિના નામ અપાયુ છે.
2. આ નાગ મિસાઈલનું પરીક્ષણ ધ્રુવ હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવ્યું હતુ.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહિ.



PariksaPath · pariksapath.in

32) કોમન વેલ્થ ગેમ્સ 2026 ક્યા દેશમાં યોજાવાની છે?

(A) ઈઝરાયલ
(B) ભારત
(C) ઓસ્ટ્રેલિયા
(D) ફ્રાન્સ

33) ભારત સરકાર દ્વારા સંપત્તિ મુદ્રિકરણ બાબત ક્યા વિધાન/વિધાનો સાચુ/સાચાં છે ?

1. કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ 2021-22 માં મુદ્રિકરણ દ્વારા 1 ટ્રિલીયન ડોલરની રકમ ઉભી કરી છે.
2. ઉભી કરવામાં આવેલ રકમ ભારત સરકારનાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 12% ઓછી છે.
3. સંપત્તિ મુદ્રિકરણ હેઠળ કોલસા અને ખનિજ આ બે ક્ષેત્રોમાં સૌથી વધુ રકમ ઉભી કરી છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 1
(D) માત્ર 2 અને 3

34) માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે રોડ અકસ્માતમાં વળતર સહેલાઈથી મળે તે માટે ક્યા પોર્ટલનો આરંભ કર્યો છે?

(A) E-DAR
(B) E-SAFAR
(C) E-RASTA
(D) E-RAKSHA

35) તાજેતરમાં ભારત સરકારે ભારતીય જીવન વિમા નિગમમાં _______ ટકા વિદેશી રોકાણને છૂટ આપેલ છે?

(A) 5%
(B) 15%
(C) 10%
(D) 20%

36) _______ એ પ્રોજેક્ટ-75ની 6ઠ્ઠી સ્કોર્પીન સબમરીન છે જેને _______ શહેરમાંથી લોન્ચ કરવામાં આવી છે.

(A) વાઘશીર, મુંબઈ
(B) વનશવા, કોચી
(C) વિરાજ, વિશાખાપટ્ટનમ
(D) વર્જેત, ચેન્નઈ

37) ફ્રાન્સનાં રાષ્ટ્રપતિ ઈમેન્યુલ મૅક્રોન ફ્રાન્સનાં રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત ચુંટાણા છે. તે _______ પક્ષના છે.

(A) ધી ડેમોક્રેટ ઓન ધી મુવ
(B) ધી લિબરલ્સ ઓન ધી મુવ
(C) ધી રિપબ્લિક ઓન ધી મુવ
(D) ધી રાઈટીસ્ટ ઓન ધી મુવ



15303215303215303215
PariksaPath · pariksapath.in

38) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ બાબત નિમ્નમાંથી કયા નિવેદનો સાચાં છે ?

1. દર વર્ષે આ દિવસ 24 એપ્રિલે ઉજવવામાં આવે છે.
2. આ વર્ષે ભારતે તેનો 13મો પંચાયતી રાજ દિવસ ઉજવ્યો છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહિ.

39) પવિત્ર સ્થળ ભાલકા ત્રણ નદિઓના સંગમ પર સ્થિત છે, તે નદીઓ કઈ છે?

(A) કપિલા, સરસ્વતી અને રૂકમાવતી
(B) સરસ્વતી, રૂકમાવતી અને અંબિકા
(C) કપિલા, સરસ્વતી અને હિરણ
(D) કપિલા, અંબિકા અને વિશ્વામિત્રી

40) પાટણનાં શંખેશ્વર મંદિર વિશે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. આ મંદિરનું નિર્માણ સજ્જન શાહ દ્વારા કરવામાં આવ્યુ હતું.
2. આ મંદિર સરસ્વતી નદીનાં કિનારે બાંધવામાં આવ્યું હતું.
3. આ મંદિર ભગવાન પાર્શ્વનાથને સમર્પિત છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

41) ગુજરાતી વાર્તાકાર ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી કયા ઉપનામથી જાણીતા હતા?

(A) કાન્ત
(B) દ્વિરેફ
(C) કલાપી
(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

42) ગિરનાર શિલાલેખમાં શાનો ઉલ્લેખ છે?

1. મૌર્ય સમ્રાટ અશોકની ઘોષણાઓ અને ઉપદેશો
2. શક રાજા રૂદ્રદમન દ્વારા જળાશયનું પુનઃનિર્માણ
3. સ્કંદગુપ્તના ગર્વનરની નિમણૂક

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 2



PariksaPath · pariksapath.in

43) નિમ્ન સૂચિ-1 ને સૂચિ-2 સાથે જોડો.

| યુગો | | આરંભિક વર્ષ | |
|---|---|---|---|
| i) | વિક્રમ યુગ | a) | 78 A.D. |
| ii) | શક યુગ | b) | 58 B.C. |
| iii) | કાલચુરી યુગ | c) | 248 A.D. |
| iv) | હર્ષ યુગ | d) | 606 A.D. |

(A) i-a, ii-b, iii-c, iv-d
(B) i-c, ii-b, iii-a, iv-d
(C) i-b, ii-a, iii-c, iv-d
(D) i-d, ii-c, iii-b, iv-a

44) દેવની મોરી બાબત નિમ્નમાંથી ક્યા નિવેદનો સાચાં છે ?

1. તે દક્ષિણ ગુજરાતમાં આવેલ બૌદ્ધ ધર્મનું પુરાતત્ત્વીય સ્થળ છે.
2. આ દેવની મોરી સ્થળમાં અનેક બૌદ્ધ શિલ્પો મળી આવેલ છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) બન્ને
(D) બન્નેમાંથી એક પણ નહિ.

45) નિમ્નમાંથી કયુ સાચો કાળક્રમ સૂચવે છે ?

(A) શંકરાચાર્ય – રામાનુજ – ચૈતન્ય
(B) રામાનુજ-ચૈતન્ય-શંકરાચાર્ય
(C) રામાનુજ-શંકરાચાર્ય-ચૈતન્ય
(D) શંકરાચાર્ય-ચૈતન્ય-રામાનુજ

46) કચ્છી નવા વર્ષ ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે?

(A) 14 જાન્યુઆરી
(B) અષાઢી બીજ
(C) કારતક સુદ એકમ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

47) સૂચિ – I ને સૂચિ – II સાથે જોડો.

| સૂચિ – I | | સૂચિ – II | |
|---|---|---|---|
| 1. | શ્યામજી કૃષ્ણન વર્મા | a. | રહનુમાઈ મઝદાયાસનાન સભા |
| 2. | બેહરામજી મલબારી | b. | ડેક્કન એજ્યુકેશન સોસાયટી |
| 3. | નૌરોજી ફારદુનજી | c. | ભારતીય સમાજશાસ્ત્રી |
| 4. | મહાદેવ ગોવિંદ રાનડે | d. | બાળવિવાહ તથા વિધવાવિવાહ વિશે નોંધો |

(A) 1-a, 2-b, 3-c, 4-d
(B) 1-b, 2-c, 3-a, 4-d
(C) 1-c, 2-d, 3-a, 4-b
(D) 1-b, 2-c, 3-d, 4-a

153032 153032 153032



PariksaPath · pariksapath.in

48) બારડોલી સત્યાગ્રહનું પરિણામ _______ થયું.

1. જમીન મહેસૂલમાં 30% ઘટાડો.
2. જપ્ત કરેલી જમીનો અને સંપત્તિની પુનઃસ્થાપના.
3. કાળી પરજ માટે અલગ પરગણાનું નિર્માણ.
4. ઉજળી પરજ માટે નોકરીનું આરક્ષણ રદ કરાયુ.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

49) ઈન્દુલાલ યાજ્ઞિક વિશે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. તેમણે મુંબઈ થી અંગ્રેજી ભાષામાં એક મેગેઝીન યંગ ઈન્ડિયા પ્રકાશિત કર્યું.
2. તેમણે ગાંધીજીનાં નેતૃત્વમાં ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો.
3. ઓલ ઈન્ડિયા કિસાન સભાની રચનામાં તેમણે સક્રિય પહેલ કરી અને પ્રથમ સત્રમાં ભાગ લીધો.
4. તે નૂતન મહા ગુજરાત જનતા પરિષદનો સંસ્થાપક હતાં.

(A) માત્ર 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 3 અને 4 (D) 1, 2, 3 અને 4

50) સિદ્ધરાજ જયસિંહની માતાનું નામ શું હતું જેમણે કારભારી રાણી તરીકે કામ કર્યું એમ કહેવાય છે ?

(A) અપ્પાદેવી (B) મિનલદેવી
(C) લક્ષણાદેવી (D) જાહલાનાદેવી

51) નિમ્નમાંથી કયા જુનાગઢનાં નામો છે ?

1. કરનકુબ્જ
2. મણિપુર
3. રેવાંત
4. ચંદ્રાકેતપુર
5. નરેન્દ્રપુર

(A) 1, 2, 3, 4 અને 5 (B) માત્ર 1, 2,4 અને 5
(C) માત્ર 2,3,4 અને 5 (D) માત્ર 1, 3, 4 અને 5



PariksaPath · pariksapath.in

52) 1775 ની સુરત સંધિ અંગે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. આ કરાર રઘુનાથ રાવ અને બ્રિટીશ વચ્ચે થયો હતો.
2. આ કરાર પ્રમાણે, સાલસેટ અને વસઈના પ્રદેશો બ્રિટીશને મળ્યા.
3. કલકત્તા ખાતે કાઉન્સીલમાં ગર્વનર જનરલે આ કરારની મંજૂરી ન આપી અને અમાન્ય ગણ્યો.

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 1 અને 2
(D) 1, 2 અને 3

53) ગુજરાત માટે અલગ ભાષાકીય રાજ્યની રચના માટે 1957 ની ચળવળનું નેતૃત્વ કયા પક્ષે કર્યું?

(A) ગુજરાત કોંગ્રેસ પાર્ટી
(B) ગુજરાત ઈન્ડિપેન્ડન્સ પાર્ટી
(C) મહા ગુજરાત જનતા પરિષદ
(D) આઝાદ ગુજરાત આંદોલન

54) નિમ્નમાંથી કયા રાજવંશે 7મી સદીના ઉત્તરાર્ધ તથા 8મી સદીના પૂર્વાર્ધમાં વલ્લભી પ્રદેશ પર શાસન કર્યું હતું ?

(A) ચૌહાણ
(B) મૈત્રક
(C) આહિર
(D) ચાવડા

55) મની માર્કેટ વિશે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. કૉલ મની – 1 દિવસ માટે ઉધાર દિધેલા અથવા ઉધાર લીધેલા નાણાં
2. નોટીસ મની - 2-14 દિવસ માટે ઉધાર દિધેલા અથવા ઉધાર લીધેલા નાણાં
3. ટર્મ મની – 15 થી 1 વર્ષ માટે ઉધાર દિધેલા અથવા ઉધાર લીધેલા નાણાં
4. ટી-બિલ – આ કમ સે કમ 15000 ની રકમ અથવા 15000 ના ગુણાંકમાં ઉપલબ્ધ હોય છે

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 1, 2 અને 4

56) કર અંગે નિમ્નમાંથી કયા વિધાનો સાચાં છે ?

1. પ્રત્યક્ષ કર તે કર છે જે વ્યક્તિ અથવા સંગઠન સીધો કર લાદનાર સત્તાને ભરે છે.
2. મિલકત વેરો તથા આવક વેરો પ્રત્યક્ષ કરના ઉદાહરણો છે.
3. પરોક્ષ કર વચેટીયા દ્વારા લેવામાં આવે છે પરંતુ તેનો બોજો વપરાશકાર પર પડે છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 2



PariksaPath · pariksapath.in

57) પ્રોવિડંટ ફંડ અને નાની બચતની માધ્યમથી ભેગું થયેલ ફંડ તે સરકારનાં ક્યા ફંડનો ભાગ છે ?

(A) કન્ટીનજન્સી ફંડ
(B) રીઝર્વ ફંડ
(C) કન્સોલિડેટેડ ફંડ
(D) પબ્લીક એકાઉન્ટ ફંડ

58) નિમ્નમાંથી કયું કાર્ય એક્ઝીમ બેંક ઓફ ઈન્ડિયા કરતી નથી ?

(A) વિદેશી રાષ્ટ્રોમાં જોઈન્ટ વેન્ચર્સને ફાઈનાન્સ કરવાનું
(B) ગુણવત્તાની ખાતરી માટે નિકાસ કરેલા માલસામાનનું નિરીક્ષણ કરવું
(C) માલસામાન અને સેવાઓની આયાત અને નિકાસને ફાઈનાન્સ કરવું
(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

59) નિમ્નમાંથી ક્યુ જોડકુ સાચુ નથી?

(A) રાષ્ટ્રીય જળમાર્ગ 1 : ગંગા નદીમાં અલ્હાબાદથી હલ્દિયા
(B) રાષ્ટ્રીય જળમાર્ગ 3 : ચંપાકારા નહેરમાં કોત્તાપુરમથી કોલ્લમ
(C) રાષ્ટ્રીય જળમાર્ગ 2 : બ્રહ્મપુત્ર નદીમાં સદિયાથી ધુબરી
(D) રાષ્ટ્રીય જળમાર્ગ 4 : બ્રહ્માણી નદીમાં તાલચેરથી ધામરા

60) ગુજરાત વિશે નિમ્નમાંથી ક્યા વિધાનો સાચાં છે ?

1. કચ્છ સૌથી વિશાળ જીલ્લો છે.
2. ડાંગ સૌથી નાનો જીલ્લો છે.
3. સુરત સૌથી વધુ વસ્તી વાળો જીલ્લો છે.
4. અમદાવાદ સૌથી ગીચ વસ્તી વાળો જીલ્લો છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 2, 3 અને 4

61) મંગળ ગ્રહ વિશે નિમ્નમાંથી ક્યા વિધાનો સાચાં છે ?

1. સૂર્ય થી મંગળનું સરેરાશ અંતર 142 મિલીયન માઈલ્સ છે.
2. મંગળનાં વાતાવરણમાં અધિકતમ કાર્બન ડાઈઓક્સાઈડ અને અમુક પ્રમાણમાં પાણીની વરાળ હોય છે.
3. મંગળને બે ચંદ્ર છે.
4. પૃથ્વીથી સમીપની આ ચોથો ગ્રહ છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2 અને 3



PariksaPath · pariksapath.in

62) પારરક્ત અને દ્રષ્યમાન સેટેલાઈટ છબિથી નીચેનામાંથી શુ જાણી શકાય?

(A) વાદળોની જાળાઈ અને ઊંચાઈ

(B) ક્લાઉડ સિડીંગ માટે યોગ્ય વાદળની ઓળખ

(C) ભીના અને શુષ્ક વાદળો વચ્ચેનો તફાવત

(D) નવા અને જુના વાદળ વચ્ચે તફાવત

63) ELISA તે ______

(A) ENZYME-LYSED IMMUNOSENSITIVITY ASSAY

(B) ENZYME-LINKED IMMUNOSORBANT ASSAY

(C) ENZYME-LINKED IMMUNOSENSITIVITY ASSAY

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં.

64) ઈકોસિસ્ટમમાં, નિમ્નમાંથી કયું રિસાઈકલ થાય એમ નથી ?

(A) કાર્બન (B) ઓક્સિજન

(C) પાણી (D) ઊર્જા

65) નિમ્નમાંથી કઈ ગ્રંથિ શરીરમાં મીઠાનુ યોગ્ય સંતુલન જાળવી રાખવા માટે અંતસ્ત્રાવનો સ્ત્રાવ કરે છે ?

(A) પિટ્યુટરી ગ્રંથિ (B) સ્વાદુપિંડ

(C) એડ્રીનલ ગ્રંથિ (D) થાઈરોઈડ ગ્રંથિ

66) એક કાર્બન ક્રેડિટ એટલે ______.

(A) 100 kg કાર્બન (B) 1000 kg કાર્બન

(C) 100 kg કાર્બન ડાઈઓક્સાઈડ (D) 1000 kg કાર્બન ડાઈઓક્સાઈડ

67) DRDO દ્વારા આયોજીત મિશન શક્તિ નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ?

(A) સ્વદેશી એન્ટિ-સેટેલાઈટ મિસાઈલ પરીક્ષણ

(B) સ્વદેશી હલકા લડાકું વિમાન તેજસ નો વિકાસ

(C) બ્રહ્મોસ-II હાઈપરસોનીક ક્રુઈસ મિસાઈલ પરીક્ષણ

(D) સ્વદેશી પરમાણું ઉર્જા સંચાલિત સબમરીનનો વિકાસ



PariksaPath · pariksapath.in

68) ડિજી લોકર સિસ્ટમના મુખ્ય ટેક્નોલોજી ઘટકો ______ છે.

1. રીપોઝીટરી
2. એક્સસ ગેટવે
3. ડિજી લોકર પોર્ટલ

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

69) ક્રુડ તેલના રીફાઈનીંગ વખતે પ્રવાહી પેટ્રોલીયમ ગેસ (LPG) બને છે, તેના મુખ્ય ઘટકો કયા છે?

(A) મિથેન અને બ્યુટેન
(B) પ્રોપેન અને બ્યુટેન
(C) મિથેન અને ઈથેન
(D) પ્રોપેન અને મિથેન

70) ______ એક નેટવર્ક સુરક્ષા પ્રણાલી છે જે પૂર્વનિર્ધારીત સુરક્ષા નિયમો આધારિત ઈન્કમિંગ અને આઉટગોઈંગ નેટવર્ક ટ્રાફિકની દેખરેખ અને નિયંત્રણ કરે છે.

(A) એન્ટિ-વાઈરસ
(B) VPN
(C) ફાયરવૉલ
(D) HTTPS

71) સ્નાયુનો દુખાવો અને લકવાના ઉપચાર માટે નિમ્નમાંથી ક્યા પદાર્થનો ઉપયોગ થાય છે ?

(A) સૂક્ષ્મ કિરણો
(B) અલ્ટ્રાવાયલેટ કિરણો
(C) પારરક્ત કિરણો
(D) ઉપરોક્તમાંથી કોઈનહીં

72) નિમ્નમાંથી કયાં જોડકાં સાચાં છે?

1. વિનિયોગ બિલ – તેમાં ત્રણ પ્રકારનાં ખર્ચા સામેલ હોય છે.
2. ધિરાણનો મત – અત્યાર સુધી ભારતમાં તેને 3 વાર અપનાવામાં આવ્યો છે.
3. ચાર્જ થયેલ ખર્ચ – વિનિયોગ બિલનો ભાગ છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 2 અને 3

73) સુપ્રિમ કોર્ટનાં મૂળ અધિકારક્ષેત્રમાં નિમ્નમાંથી કયા સામેલ છે ?

1. ભારત સરકાર અને એક અથવા અધિક રાજ્યો વચ્ચે વિવાદ
2. સંસદ અથવા રાજ્યના ધારાસભ્યની ચુંટણી વિશે વિવાદ
3. ભારત સરકાર અને કેન્દ્ર શાસિત પ્રદેશ વચ્ચે વિવાદ
4. બે અથવા અધિક રાજ્યો વચ્ચે વિવાદ

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 4
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 3 અને 4



PariksaPath · pariksapath.in

74) સર્વોચ્ચ અદાલતનો જસ્ટીસ કે.એસ. પુટ્ટસ્વામી (રીટાયર્ડ) વિરૂદ્ધ ભારત સંઘ કેસ 2017 તે નિમ્નમાંથી શેના સંબંધિત છે ?

(A) સબરીમાલા મંદિરમાં મહિલા પ્રવેશ પર પ્રતિબંધ હટાવવો

(B) IPC ના કલમ 377

(C) ગોપનીયતાનો અધિકાર

(D) ફરજિયાત FIR નોંધણીની કાયદેસરતા

75) રાજ્ય પુર્નગઠન આયોગ વિશે નિમ્નમાંથી ક્યા વિધાનો સાચાં છે ?

1. રાજ્ય પુર્નગઠન આયોગની સ્થાપના ભારત સરકારે ડિસેમ્બર 1953 માં કરી હતી.

2. સપ્ટેમ્બર 1955 માં આયોગે તેનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો અને મોટા ભાગે રાજ્ય પુર્નગઠન માટે ભાષાનો આધાર સ્વીકાર્યો.

3. આયોગે 'એક ભાષા એક રાજ્ય' નો સિદ્ધાંત નકારી કાઢ્યો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

76) જાહેર ખરડાઅને ખાનગી ખરડા અંગે નિમ્નમાંથી ક્યા વિધાનો સાચાં છે?

1. ગૃહમાં જાહેર ખરડો દાખલ કરવા માટે સાત દિવસની નોટીસ જરૂરી છે.

2. ગૃહમાં ખાનગી ખરડો દાખલ કરવા માટે 15 દિવસની નોટીસ જરૂરી છે.

3. ગૃહમાં વૈધાનિક ઠરાવો માત્ર મંત્રી પસાર કરી શકે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

77) નીચે પૈકી ક્યો ખરડો પસાર કરવા માટે, લોકસભા અને રાજ્યસભા વચ્ચે મડાગાંઠના કિસ્સામાં સંસદની સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે.

1. સામાન્ય ખરડો

2. નાણા ખરડો

3. બંધારણીય સુધારા ખરડો

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3



PariksaPath · pariksapath.in

78) બ્રિટીશ કાળ દરમ્યાન કયા અધિનિયમના લીધે ભારતમાં સંસદીય પ્રણાલીનો આરંભ થયો ?

(A) ચાર્ટર અધિનિયમ, 1853 (B) ભારત સરકાર અધિનિયમ, 1919

(C) ઈન્ડિયન કાઉન્સીલ અધિનિયમ, 1861 (D) ભારતનું નવું સંવિધાન

79) ભારતની નાગરિકતા ખોવા માટે નિમ્નમાંથી કઈ શરત નથી ?

(A) અન્ય કોઈ દેશની નાગરિકતા મેળવવી

(B) છેતરપિંડીથી ભારતની નાગરિકતા મેળવવી

(C) ભારતમાં કામ કરવાની ઈચ્છા વગર ભારતની નાગરિકતા મેળવવી

(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

80) ફેરવિચારણા માટે સામાન્ય ખરડાને સંબંધિત રાજ્ય વિધાનસભાને પરત કરવા માટે રાજ્યપાલ પાસે સમય મર્યાદા કેટલી હોય છે ?

(A) એક મહિનો (B) છ મહિના

(C) બે મહિનો (D) કોઈ સમય મર્યાદા નથી.

81) હાલમાં રાષ્ટ્રપતિ અને મંત્રી મંડળ વચ્ચેનો સંબંધ ______ ની જોગવાઈ થી સંચાલિત થાય છે.

(A) 42મો બંધારણીય સુધારા અધિનિયમ (B) 48મો બંધારણીય સુધારા અધિનિયમ

(C) 44મો બંધારણીય સુધારા અધિનિયમ (D) 54મો બંધારણીય સુધારા અધિનિયમ

82) AYD, BVF, DRH, ______, KGL.

(A) FMI (B) GLJ

(C) GMJ (D) HLK

83) 105, 85, 60, 30, ______, –45, –90 ?

(A) 105 (B) –5

(C) 60 (D) –45

84) કોડિંગની અમુક પ્રણાલીમાં, શબ્દ RUSTICATE ને QTTUHDBSD લખવામાં આવે છે. એ કોડમાં STATISTIC કેવી રીતે લખવામાં આવશે ?

(A) RSBUHTUHB (B) RSBUHRSJD

(C) RSBUJTUHB (D) TUBUITUMB



PariksaPath · pariksapath.in

85) નિમ્ન વાક્યો પર ધ્યાન આપો :

1. B ની માતા A છે.
2. A નો પુત્ર C છે.
3. E નો ભાઈ D છે.
4. B ની પુત્રી E છે.

તો પછી D ની નાની ______ છે.

(A) A
(B) C
(C) B
(D) E

86) હરિ પૂર્વ તરફ 3 Km ચાલે છે અને દક્ષિણ તરફ વળીને 4 Km ચાલે છે. ફરી તે પશ્ચિમ વળીને 6 Km ચાલે છે. આરંભિક બિંદુ થી હવે તે કેટલો દૂર છે ?

(A) 3 KMs
(B) 5 KMs
(C) 6 KMs
(D) 4 KMs

87) નિમ્ન વિધાનોને ધ્યાન આપો :

1. મહિનાનો અંતિમ દિવસ બુધવાર છે.
2. મહિનાનાં ત્રીજા શનિવારે સત્તરમી તારીખ હતી.

આપેલ મહિનાની ચૌદમી તારીખે કયો દિવસ હશે?

(A) સોમવાર
(B) શુક્રવાર
(C) મંગળવાર
(D) બુધવાર

88) અમરેલી થી આણંદ એક વ્યક્તિનું બસ ભાડું રૂ. 420 અને તે સ્થળો વચ્ચેનું ટ્રેન ભાડું, એ બે વ્યક્તિનાં બસ ભાડાના પોણા ભાગ થી સમાન છે. આ બે સ્થળો વચ્ચે બસ થી પ્રયાણ કરતાં 3 વ્યક્તિઓ અને ટ્રેન થી પ્રયાણ કરતાં 4 વ્યક્તિઓએ કુલ કેટલું ભાડું ભર્યું ?

(A) 3360
(B) 3406
(C) 3440
(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

89) રામ પાસે બેંક બચત ખાતામાં રૂ. 1000 હતા. દર મહિને પ્રથમ અઠવાડિયામાં તેને પૈસાની જરૂર પડે, તો તે 500 રૂ. ઉપાડે છે અને મહિનાનાં અંતમાં તે રૂ. 750 જમા કરે છે. કેટલા મહિના પશ્ચાત મૂળ રકમ ત્રણ ગણી થશે ?

(A) 6 મહિના
(B) 7 મહિના
(C) 8 મહિના
(D) 9 મહિના

90) A, B, C અને D મળીને તેમની પાસે રૂ. 47 છે. A અને B ના મળીને રૂ. 27, C અને A ના મળીને રૂ. 25 અને D અને A ના મળીને રૂ. 23 છે. B પાસે કેટલા રૂપિયા હશે?

(A) 13
(B) 14
(C) 15
(D) 11



PariksaPath · pariksapath.in

91) એક વ્યક્તિને એક પાનું ટાઈપ કરવા માટે 8 મિનીટ લાગે છે. જો 1 થી 2 વાગ્યા ની વચ્ચે 1710 પાનાં ટાઈપ કરવાનાં હોય તો, કેટલા વ્યક્તિઓની જરૂર પડે ?

(A) 220
(B) 115
(C) 95
(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

92) 1000 પાનાંના પુસ્તકને પાના નંબર આપવા માટે કેટલા શૂન્યોની જરૂર પડશે ?

(A) 139
(B) 192
(C) 184
(D) 216

93) રીના સુનીતા કરતાં બે ગણી મોટી છે. ત્રણ વર્ષ પહેલા, તે સુનીતા કરતાં ત્રણ ગણી મોટી હતી. રીનાની આયું હાલ કેટલી છે ?

(A) 6 વર્ષ
(B) 8 વર્ષ
(C) 12 વર્ષ
(D) 11 વર્ષ

94) એક ઘંટડી પ્રતિ 18 મિનીટે વાગે છે. બીજી ઘંટડી પ્રતિ 24 મિનીટે વાગે છે. ત્રીજી ઘંટડી પ્રતિ 32 મિનીટે વાગે છે. જો ત્રણે ઘંટડી સવારના 8 કલાકે એક સાથે વાગે તો, ફરી ક્યા સમયે બધી ઘંટડી એક સાથે વાગશે ?

(A) 12 : 40 hrs
(B) 12 : 56 hrs
(C) 12 : 48 hrs
(D) 13 : 04 hrs

95) 200 મીટર લાંબી ટ્રેન 40 કિમી પ્રતિ કલાકના દરે ગતિ કરી રહી છે. રેલવે લાઈનની પાસે ઉભેલા માણસને પસાર કરવા માટે કેટલી સેકન્ડ લાગશે ?

(A) 12
(B) 16
(C) 15
(D) 18

96) થોમસ કપ અંગે નિમ્નમાંથી ક્યાં વિધાનો સાચાં છે?

1. પ્રતિ 2 વર્ષે તે યોજવામાં આવે છે.
2. તેમાં સૌથી વધુ વાર ચીન જીતેલ છે?
3. 2022 માં રમાયેલા થોમસ કપની સેમીફાઈનલમાં ભારતે દક્ષિણ કોરિયાને પરાજીત કર્યું હતો. ?
4. 2020 માં ઈન્ડોનેશિયાએ થોમસ કપ જીત્યો હતો.

(A) 1 અને 3
(B) 1 અને 4
(C) 2 અને 3
(D) 2 અને 4



PariksaPath · pariksapath.in

97) યુક્રેન વિશે નિમ્નમાંથી ક્યુ/ક્યાં વિધાન/વિધાનો સાચુ/સાચાં નથી?
1. તેનું ચલણ HRYVNIA છે.
2. પોલેન્ડ અને હંગેરી સાથે તેની સીમા લાગે છે.
3. યુક્રેનની વસ્તી અંદાજીત 20 કરોડ છે.
4. ભારત અને યુક્રેનના સમયમાં લગભગ 2 કલાક અને 30 મિનીટ નો તફાવત છે.

(A) 1 અને 3 (B) 3
(C) 2 અને 4 (D) 4

98) સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે ક્યુ/ક્યાં વિધાન/વિધાનો સાચુ/સાચાં નથી?
1. તે ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતાં.
2. તેમને ભારત રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
3. તેમનુ મૃત્યુ 1967 માં થયુ હતુ.
4. જ્યારે તે ભારતનાં રાષ્ટ્રપતિ હતાં, ત્યારે ઝાકીર હુસૈન ઉપરાષ્ટ્રપતિ હતાં.

(A) 1 અને 3 (B) 2
(C) 2 અને 4 (D) 3

99) વર્ષને IPL ચૈમ્પિયન ટીમ સાથે ગોઠવો.

| | | | |
|---|---|---|---|
| 1. | 2010 | a. | KKR |
| 2. | 2012 | b. | SRH |
| 3. | 2015 | c. | CSK |
| 4. | 2016 | d. | MI |

(A) 1d, 2a, 3c, 4b (B) 1b, 2a, 3d, 4c
(C) 1a, 2b, 3c, 4d (D) 1c, 2a, 3d, 4b

**100) નિમ્નમાંથી ક્યું વિધાનો નર્મદાશંકર લાભશંકર દવે માટે સાચુ નથી.**
1. **તેમનો જન્મ સુરતમાં થયો હતો.**
2. **તેમનુ મૃત્યુ અમદાવાદમાં થયુ હતું.**
3. **તેમની આત્મકથાનું નામ 'મારી કહાની, મારી જુબાની'.**
4. **તે શિક્ષક હતા.**

(A) 1 અને 3 (B) 2, 3 અને 4
(C) 2 અને 4 (D) 2 અને 3

♦♦♦♦



PariksaPath · pariksapath.in